પત્રિકા
૧૩૭

# ચિરાગે હિદાયત

૧૫/૧૨/૧૭
૨૫ ર.અવ્વલ

## કયામત

ખુદાવંદે આલમ જયારે આ દુનિયાનો અંત લાવવાનો ઈરાદો કરશે એટલે કયામત બરપા થશે (આવી પહોંચશે) અને આ દિવસે અલ્લાહતઆલા તમામ ઈન્સાનોને ફરી જીવંત કરશે અને તેનો હિસાબ લેશે. આ એ બાબત છે જેના ઉપર અકીદો રાખવો દીનની જરૂરતમાંથી છે અને રીવાયતોમાં છે કે અગર કોઇ શખ્સ આ માન્યતા ઉપર યકીન ન રાખતો હોય તો તે કાફીર છે.

** કયામત હક છે તેને કુરઆનથી સાબિત કરીએ :*

અલ્લાહતઆલા સૂરએ વાકેઆની આયત નં.૧ અને ૨ માં ફરમાવે છે

**''જ્યારે બનનાર બનાવ (કયામત) ઉપસ્થિત થશેઃ જેના ઉપસ્થિત થવામાં જરાય અસત્યતા નથી.''**

અઝીઝો! કયામત અને હિસાબનો આ અકીદો આપણને ગુનાહોથી બચાવે છે.

** કયામત કેવી રીતે આવશે ?*

અલ્લાહતઆલા ઈસરાફીલને હુકમ આપશે કે તે સૂર ફૂંકે. સૂર ઘણો મોટો અને નૂરાની હશે. જેનું એક માથું અને બે ડાળો હશે. જયારે જમીન તરફથી ડાળ અવાજ આપશે જમીનવાળા મૃત્યુ પામશે અને જ્યારે આસમાન તરફની ડાળથી અવાજ નીકળશે ત્યારે આસમાનના જીવોનો નાશ થશે અને પછી અલ્લાહ ઈસરાફીલને હુકમ આપશે 'મુતુ (મરી જાઓ)' તો તે પણ મરી જશે અને પછી અલ્લાહની નીદા આવશે.

**''અય અકડાઈને ચાલનારાઓ! અય સલ્તનત અને હુકુમત ઉપર ઘમંડ કરનારાઓ! અય ખુદાઈના દાવેદાર! આજે તમારી એ સલ્તનત અને હુકુમત કયાં છે 'લે મનીલ મુલકુલ યવ્મ' આજે કોની હુકુમત છે.''** કોઇ જવાબ નહીં આવે ત્યારે અલ્લાહ કહેશે **''લિલ્લાહીલ વાહેદીલ કહહાર''** કહહાર અલ્લાહની હુકુમત છે.

*- અહસનુલ ફવાએદ*

અઝીઝો ! કયામત એ આખેરતની ભયાનક જગ્યાઓમાંની એક છે. જેની ભયાનકતા અને ખૌફ દરેક ડરથી સખ્ત છે જેની માટે અલ્લાહતઆલા કુરઆનમાં ફરમાવે છેઃ

''જ્યારે આસમાન ફાટી જશે; અને જ્યારે તારાઓ ખરી પડી વિખેરાઈ જશે; અને જ્યારે સમુદ્રો જોરથી વહેવડાવવામાં આવશે; અને જ્યારે કબરો ખોલી નાખવામાં આવશે; તો તે વખતે દરેક વ્યક્તિ જાણી લેશે કે તેણે આગળ શું મોકલ્યું છે અને પાછળ શું મૂક્યું છે.'' – *સૂરએ ઈન્ફેતાર આયત નં.૧ થી ૫*

''(અય રસૂલ!) લોકો તને (કયામતની) ઘડી વિષે સવાલ કરે છે કે તેનો નક્કી સમય કયો છે? તું કહે કે તેની ખબર મારા પરવરદિગારને જ છે; તે જ માત્ર તેના નક્કી થયેલ સમયે તેને જાહેર કરી દેશે; (નિઃસંશય) તે (કયામત) આકાશો તથા જમીનમાં (ઘણી) ભારે ઘડી હશે. (જે) તમને ઓચિંતી આવી પકડી લેશે. તેઓ તને એવી રીતે પૂછે છે કે જાણે તું તે (કયામત)ની શોધમાં લાગેલો રહેતો હોય; તું કહે કે તેની ખબર અલ્લાહની પાસે જ છે, પરંતુ ઘણાખરા લોકો જાણતા નથી.'' – *સૂરએ અઅરાફ આયત નં.૧૮૭*

''જેથી તે સમયે તેઓ ન કાંઈ વસીયત કરી શકશે, અને ન પોતાના બાલબચ્ચાં પાસે પાછા આવી શકશે.'' – *સૂરએ યાસીન આયત નં.૫૦*

– *મુન્તખબ મનાઝિલે આખેરત, પેજ નં.૭૪*

શેખ જલીલ અલી બિન ઈબ્રાહિમ કુમ્મી(અ.ર.) હઝરત ઈમામ સાદીક(અ.સ.)થી રિવાયત કરે છે કે એક વખત હઝરત રસૂલે અકરમ(સ.અ.વ.)ની પાસે જનાબે જિબ્રઈલ બેઠા હતા. જિબ્રઈલે અચાનક આસમાન તરફ જોયું અને ડરના કારણે તેમનો રંગ કેસર જેવો પીળો થઈ ગયો અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) પાસે મદદ માંગી. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ જયારે આસમાન તરફ નજર કરી તો આપે એક ફરિશ્તાને જોયો કે પૂર્વથી પશ્ચિમ સુધી પાંખો ફેલાવે છે. તે ફરિશ્તો હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) પાસે આવીને અલ્લાહનો સંદેશો

આપે છે અને પછી જયારે પાછો જાય છે. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ જનાબે જિબ્રઈલની સામે જોઈને કહ્યું ''મેં તારા ભય અને રંગના ફેરફારથી વધારે ભયાનક ચીઝ કયારેય નથી જોઈ.'' ત્યારે જિબ્રઈલે કહ્યું ''શું આપને ખબર છે કે તે ફરિશ્તા કોણ હતા? તે રબ્બુલ આલમીનના દરબાન ઈસરાફીલ હતા. જયારથી અલ્લાહે જમીન અને આસમાનને પૈદા કર્યા છે તે ફરિશ્તા નીચે નથી ઉતર્યા, જયારે મેં તેમને જમીન ઉપર આવતા જોયા ત્યારે મને એમ થયું કે તે કયામત શરૂ કરવા આવી રહયા છે અને કયામતના ભયથી મારો રંગ બદલાઈ ગયો.''

અઝીઝો! કયામતથી આસમાનના ફરિશ્તાઓ પણ ડરે છે પણ આપણે તે બાબત તરફ કયારે પણ ધ્યાન નથી આપ્યું.

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) જયારે કયામતની ચર્ચા કરતા ત્યારે આપના અવાજમાં સખ્તી અને ગાલ ઉપર રતાશ છવાઈ જતી.

* *કયામતના ભયથી કોણ સુરક્ષિત રહેશે ?*

- શેખ કુલૈની(અ.ર.) હઝરત ઈમામ જાફર સાદીક(અ.સ.)થી રિવાયત કરે છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું કે જે માણસ સફેદ દાઢીવાળા વૃધ્ધને માન આપશે તેને અલ્લાહતઆલા કયામતના ભયથી સુરક્ષીત રાખશે.
- જે શખ્સ મક્કાના હરમમાં દફન થાય તે કયામતના ભયથી બચી જશે.
- જે માણસ કોઈ પણ પ્રકારની વિષય વાસનાની બુરાઈથી માત્ર અલ્લાહતઆલાના ડરના કારણે દૂર રહેશે તો તેને અલ્લાહ કયામતના ખૌફથી સુરક્ષીત રાખશે.
- જે માણસ પોતાના નફસની ઈચ્છાઓનો વિરોધ કરશે તો અલ્લાહ તેને કયામતના ખૌફથી સુરક્ષીત રાખશે.
- જે માણસ શક્તિ ધરાવતો હોવા છતાં પોતાના ગુસ્સાને પી જાય તો અલ્લાહ તઆલા તેના દિલને ઈમાનથી ભરપૂર કરે છે અને કયામતના ખૌફથી સુરક્ષીત રાખશે.

- જે હઝરત અલી(અ.સ.)ની વિલાયતનો સ્વીકાર કરે તેને સંપૂર્ણ સલામતી પછી કોઇ ખૌફ નથી અને તે કયામતના ખૌફથી સુરક્ષીત રહેશે.

*- મુન્તખબ મનાઝિલે આખેરહ, પેજ નં. ૭૦*

અઝીઝો! આ કયામતનો ખૌફ અત્યંત ભયાનક ત્યારે પણ હશે જયારે કે બીજો સૂર ફૂંકવામાં આવશે અને બધા જ મુર્દાઓ જીવતા થઇ જશે અને બધા ઉભા રહીને ખુદાને યાદ કરશે. નફસા નફસીની હાલત હશે. દરેક રૂહોના દીલ ભાંગી પડશે અને ત્યારે આપણો સાથી માત્ર આપણો અકીદો અને આમાલ હશે. જેની માટે સલસાલ બિન વલહીસ જે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) પાસે હાજર હતો અને કયામતના બારામાં આપની નસીહતો સાંભળીને એક નઝમ બનાવી.

- નેક આમાલને તારો સાથી બનાવ કારણ કે આમાલ જ તારો સાથી હશે.
- મર્યા પછી કયામતના દિવસે જયારે એલાન કરનાર એલાન કરશે ત્યારે તું પણ એજ મુર્દાઓમાંથી ઉભો થશે.
- સિવાય એ આમાલ કે જેનાથી ખુદા રાજી થાય છે તેના સિવાય કોઇ કામ ન કર.
- મૌત પછી ઈન્સાનના એજ આમાલ સાથી હોય છે જે મૌત પહેલા દુનિયામાં કરતો હતો.
- ખબરદાર ! ઈન્સાન દુનિયામાં આલ ઔલાદ પાસે મહેમાન હોય છે જેને છોડીને ચાલ્યા જવાનું છે.

અઝીઝો! આવો અલ્લાહ પાસે દુઆ કરીએ કે અલ્લાહ આપણને કયામતના ભયથી સુરક્ષિત રાખે, નેક આમાલને સાથી બનાવવાની તૌફીક આપે અને ઈમામ(અ.સ.)ની સાથે આપણો શુમાર કરે.

**અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ.**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com